**ક્રિમીનલ અપીલ નં.૬૧/૨૦૨૬**

**આંક–૪ લગત હુકમ**

એપેલેન્ટના તરફે વિધ્વાન વકીલશ્રીને સાંભળ્યા તથા અપીલ મેમો તથા રજૂ થયેલ દસ્તાવેજોની તમામ હકીકતો ધ્યાને લીધી.

વિદ્વાન જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ, કઠલાલ નાઓએ ફોજદારી કેસ નં.૧૧૧૦/૨૦૨૧ માં તા.૧૭/૦૭/૨૦૨૬ ના રોજ હુકમ કરતાં અરજદાર/આરોપીને નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ ના ગુનામાં તકસીવાર ઠરાવી ૦૧ (એક) વર્ષની સાદી કેદની સજા તથા રૂા.૫,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પૂરા) દંડ ભરવાનો હુકમ કરવામાં આવેલ છે અને જો આરોપી દંડના ભરે તો વધુ એક માસની વધુ સાદી કેદની સજા કરવાનો તેમજ આરોપીએ ફરીયાદીને ચેકની રકમ રૂા.૫,૬૫,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ લાખ પાસઠ હજાર પુરા) ની રકમ વળતર પેટે હુકમની તારીખથી બે માસમાં ચુકવી આપવાનો આદેશ કરવામાં આવેલ અને જો આરોપી વળતરની રકમ ચુકવવામાં કસુર કરે તો વધુ ૩ (ત્રણ) માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવેલ છે.

એપેલેન્ટ/આરોપીએ રૂા.૧૫,૦૦૦/– (અંકે રૂપિયા પંદર હજાર પુરા)ના સદ્ધર જામીન આપ્યેથી તેમજ તેટલી જ રકમનો જાત મુચરકો આપ્યેથી એપેલેન્ટ/આરોપીને નીચેની શરતો પાળવાની શરતે જામીન ઉપર મુકત કરવા તેમજ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ, કઠલાલના સજાના હુકમ સહિતનો સમગ્ર આખરી હુકમનો અમલ આ અપીલના નિર્ણય સુધી મોકૂફ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

**<u>શરતો</u> :**

**૧.** એપેલેન્ટ/આરોપીએ તકરારી ચેકની રકમની ૨૦% રકમ રૂા.૧,૧૩,૦૦૦/– (અંકે રૂપિયા એક લાખ તેર હજાર પૂરા) નીચેની અદાલતમાં ૬૦ દિવસમાં જમા કરી અત્રેની અદાલતમાં પહોંચ રજૂ કરવી.

**૨.** એપેલેન્ટ/આરોપીએ આ અપીલના આખરી નિર્ણય સુધી તેઓ જે

સ્થળે રહેવાના હોય તે સ્થળનું વિગતવારનું પૂરેપુરું સરનામુ રજુ કરવુ અને રજૂ કરેલ સરનામુ આ કોર્ટની પુર્વ પરવાનગી વગર બદલવુ નહીં. એપેલેન્ટ/આરોપીએ પોતાના મોબાઇલ નંબર સંબંધીત કોર્ટમાં રજૂ કરવા. જો રહેઠાણ સરનામામાં મોબાઇલ નંબરમાં ફેરફાર કરવાનો પ્રસંગ ઉભો થાય તો તેની જાણ ફેરફાર કર્યાના દિન-૦૭ (સાત) માં અત્રેની અદાલતમાં લેખિતમાં કરવાની રહેશે.

૩. એપેલેન્ટ/આરોપીએ અત્રેની અદાલતની પરવાનગી વગર ભારત દેશની હદ છોડવી નહીં.

૪. અપીલના કામે દર મુદ્દતે એપેલન્ટ/આરોપીએ હાજર રહેવું.

હુકમ મુજબના જામીન ટ્રાયલ કોર્ટમાં આપવા, સબંધિત અદાલતને યાદી કરવી.

**તા.૧૧/૦૮/૨૦૨૬**

**(શામનાથ ચંદ્રમોહન વેમુલા)**
**કોડ નં. જી.જે.૦૦૮૧૮**
**ચોથા એડીશ્નલ સેશન્સ જજ**
**ખેડા-એટ-કપડવંજ**

**સ્થળ : કપડવંજ**